# સરકાર દ્વારા કપાસની વધુ નિકાસને લીલીઝંડી

નવી દિલ્હી,તા. ૩૦

કોંગ્રેસ પાર્ટી અને અન્ય કેટલાક સાથી પક્ષોના દબાણ સમક્ષ ઝુકી જઈને સરકારે આજે નવેસરથી કપાસ નિકાસને મંજૂરી આપી હતી. કપાસ નિકાસ કરનાર નિયંત્રણ સંપૂર્ણપણે ઉઠાવી લેવામાં આવતા ખેડૂતને સીધો ફાયદો થશે. મળેલી માહિતી મુજબ છેલ્લા કેટલાક દિવસથી કપાસની વધુ નિકાસને મંજૂરી આપવા જોરદાર રજૂઆત કરવામાં આવી રહી હતી. ગુજરાતમાંથી પણ કોંગ્રેસ પ્રતિનિધિ મંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. હવે પ્રધાનોની એક પેનલ ફરીવાર પરિસ્થિતિ સમીક્ષા કરશે. કપાસ નિકાસ પર નિયંત્રણો સંપૂર્ણપણે હટાવી લેવા કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી તરફથી જોરદાર દબાણ લાવવામાં આવી રહ્યુ હતુ. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી) દ્વારા પાંચમી માર્ચના દિવસે નિકાસ પર પ્રતિબંધ મુકવામાં આવતા ભારે હોબાળો મચી ગયો હતો. પ્રતિબંધ મુકવામાં આવ્યુ હોવા છતા સરકારને આંશિક રીતે નોંધાયેલા જથ્થાની નિકાસની મંજૂરી આપવાની ફરજ પડી હતી. નાણામંત્રી પ્રણવ મુખર્જીના નેતૃત્વમાં પ્રધાનોની એક ટીમ આજે સવારે કપાસ નિકાસની પરિસ્થિતિ પર સમીક્ષા કરવા મળી હતી. આ પેનલે કોટન એડવાઈઝરી બોર્ડના અંદાજ ઉપર વિચારણા કરી હતી. કૃષિ મંત્રાલયના અંદાજ ઉપર પણ વિચારણા કરવામાં આવી હતી. સરકારે એક નિવેદન જારી કરીને કહ્યુ હતુ કે સર્વગ્રાહી સમીક્ષા કર્યા બાદ એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે કપાસ નિકાસ માટે નોંધણીને સસ્પેન્સન કરવાનો નિર્ણય ઉઠાવી લેવામાં આવ્યો છે અને નિકાસની




પરવાનગી આપી દેવામાં આવી છે. કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ જૂન, જુલાઈ અને ઓગસ્ટ દરમિયાન કોઈપણ ઈમરજન્સીને પહોંચી વળવા ૧૦ લાખ બેલ્સનો બફર સ્ટોક રાખવા કહેવામાં આવ્યુ છે. આ વાસ્તવિકતા છે કે સંસદના અન્ય કેટલાક સભ્યો પણ એવો મત આપી ચુક્યા છે કે કપાસનો જથ્થો હજુ પણ ઉપલબ્ધ છે જેથી નિકાસ માટે નવેસરથી નોંધણીની પ્રક્રિયા શરૂ કરવી જોઈએ અને પ્રતિબંધને ઉઠાવી લેવો જોઈએ. ડીજીએફટી આના તમામ જરૂરી પગલા લેશે. વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન તથા ટેક્સટાઈલ પ્રધાન આનંદ શર્માએ કહ્યુ હતુ કે તમામ બાબતોને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવાયો છે. સ્થાનિક ઉદ્યોગોની જરૂરિયાતો પહેલા પૂર્ણ થાય તેની ખાતરી કરવામાં આવશે. ટેક્સટાઈલ પરોક્ષ અથવા પ્રત્યેક્ષ રીતે ૧૦૫ મિલિયન લોકોને રોજગારી આપે છે. હેન્ડલુમ સેક્ટરમાં પણ લોકો રોજગારી મેળવી રહ્યા છે જેથી સંતુલિત વલણ અપનાવવામાં આવી રહ્યુ છે. જીઓએમ ત્રણ સપ્તાહમાં ફરી સમીક્ષા કરશે. આજે યોજાયેલી મીટિંગમાં વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન તથા ટેક્સટાઈલ પ્રધાન આનંદશર્મા, કૃષિ પ્રધાન શરદ પવાર, વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના ચેરમેન શ્રીરંગરાજન ઉપસ્થિત રહ્યા હતા. અગાઉ પવારે કપાસ નિકાસ પર પ્રતિબંધની ટીકા કરી હતી. તેઓએ વડાપ્રધાનને પત્ર પણ લખ્યો હતો. કોટન એડવાઈઝરી બોર્ડે સપ્ટેમ્બરમાં પૂરી થતી વર્તમાન સિઝન માટે સુધારવામાં આવેલુ કપાસ ઉત્પાદનનુ અંદાજ ૩.૪૭ કરોડ બેલ્સ રાખવામાં આવ્યો છે. સ્થાનિક વપરાશ ૨.૬ કરોડ બેલ્સથી ૨.૫ કરોડબેલ્સની આસપાસ છે.

## વીમા સેક્ટરમાં એફડીઆઈ મર્યાદાને વધારવા વિચારણા

નવી દિલ્હી,તા. ૩૦

રિઝર્વ બેંકે કહ્યું છે કે વીમા અને અન્ય કેટલાક સેક્ટરોમાં એફડીઆઈ મર્યાદાને વધારવાની જરૂર છે. આરબીઆઈએ આ દિશામાં હિલચાલ પણ શરૂ કરી દીધી છે. વૈશ્વિર અર્થતંત્રને ધ્યાનમાં લઈને ભારતે એફડીઆઈ મર્યાદામાં વધારો કરવા માટેની જરૂર છે. જો સ્થાનિક અર્થતંત્ર અને રાજકીય વ્યવસ્થા મંજૂરી આપે તો ચોક્કસપણે વીમા સેક્ટરમાં એફડીઆઈ મર્યાદા વધવી જોઈએ આરબીઆઈએ ભારતમાં એફડીઆઈ પ્રવાહ અંગે આ મહિનાની શરૂઆતમાં જારી કરવામાં આવેલા અભ્યાસમાં જણાવ્યું છે કે વીમામાં સેક્ટરલ મર્યાદામાં વધારો કરવાની જરૂર છે. સાથે




સાથે મલ્ટીબ્રાન્ડ રિટેલમાં એફડીઆઈ પ્રવાહ પર નિયંત્રણો જરૂરી છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે કૃષિ સહિતના ચોક્કસ સેક્ટરોમાં એફડીઆઈને મંજૂરી આપવામાં આવી નથી. અન્ય કેટલાક સેક્ટરો જેમ કે વીમા અને મીડીયામાં સેક્ટરલ મર્યાદા વૈશ્વિક ચિત્રની સરખામણીમાં ઓછી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વીમા સેક્ટરમાં ૨૬ ટકાની વર્તમાન એફડીઆઈ મર્યાદાને વધારવાની જરૂર છે. બદલાઈ રહેલી આર્થિક સ્થિતિ વચ્ચે એફડીઆઈ મર્યાદામાં વધારો કરવામાં આવી રહેલી માંગ તરફ ધ્યાન આપવાની જરૂર છે. વીમા સેક્ટરમાં એફડીઆઈ મર્યાદામાં વધારો કરવાની જરૂરિયાત અંગે ટિપ્પણી કરતા ભારતમાં કન્સલટન્સી મહાકાય કંપનીના ડિરેક્ટરે કહ્યું છે કે વીમામાં મર્યાદા વધારવાની જરૂર છે. પ્રવક્તમાન કારોબારને આ રીતે વધારી શકાય છે.

## ICICI, HDFC, Axis બેંકને સંભવિત ડાઉનગ્રેડ માટે સમીક્ષામાં મૂકી દેતાં ચિંતાનું મોજું

મુંબઈ, તા.૩૦

વૈશ્વિક રેટીંગ એજન્સી મૂડીના રોકાણકારોની સર્વિસે ભારતની ત્રણ ટોચની ખાનગી સેક્ટરની બેંકો આઈસીઆઈસીઆઈ બેંક, એડીએફસી બેંક અને એક્સીસ બેંકને સંભવિત ડાઉનગ્રેડ માટે સમીક્ષામાં મૂકી દેતાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. મૂડી આ ત્રણે બેંકોને ડાઉનગ્રેડ કરે તેવી શકયતા છે. ભારતનું હાલમાં આઉટલુક રેટિંગ ઘટાડી દેવામાં આવ્યું હતું. મૂડીએ એક અહેવાલ જારી કરીને કહ્યું છે કે ત્રણ મહિનાની અંદર આ સમીક્ષા પ્રક્રિયા પરિપૂર્ણ કરી લેવામાં આવશે. આ તમામ ત્રણે બેંકો મૂડી પાસેથી હાલમાં બીએએ-૨ ફોરેન કરન્સી લોગટર્મ રેટીંગ ધરાવે છે. આ મીડીયમ ગ્રેડ રેટીંગ છે. આંકડા દર્શાવે છે કે આ કંપનીઓ ટૂંકાગાળાના દેવાની ફેર ચૂકવણી કરવાની સ્થિતિમાં છે.

## ભારતમાંથી ખસી જવા ટેલિનોરની હિલચાલ

નવી દિલ્હી,તા. ૩૦

નોર્વેની ટેલિકોમ કંપની ટેલિનોરે ભારતમાંથી ખસી જવાની ધમકી આપી છે. અને કહ્યું છે કે સ્પેક્ટ્રમ હરાજીના ધારાધોરણને પાળવાની બાબત કંપનીઓ માટે ખૂબ જ મુશ્કેલરૂપ રહેશે. રેગ્યુલેટર ટ્રાઈ દ્વારા જે ધારાધોરણો પાળવા માટે કહેવામાં આવ્યું છે તે ધારાધોરણો ખૂબ જ મુશ્કેલરૂપ છે. ટેલિનોરના સીઈઓ બ્રેકેએ કહ્યું છે કે જો આને પોલીસી બનાવવામાં આવશે તો અમને ખસી જવાની



ફરજ પડશે. અહીં કામ કરવાની બાબત ખૂબ જ મુશ્કેલરૂપ બની જશે. ભારતમાં જે ૧૪ હજાર કરોડનો રોકાણ કરવામાં આવ્યો છે તેને છોડી દેવા માટે પણ અમે તૈયાર છે. યુનિટેક વાયરલેસમાં ટેલિનોર ૬૭ ટકા હિસ્સેદારી ધરાવે છે. ભારતીય પાર્ટનર યુનિટેક સાથે સંબંધો તોડી લેવા વિચારણા ચાલી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ફેબ્રુઆરીમાં સુપ્રિમ કોર્ટ દ્વારા જે ૧૨૨ લાઈસન્સ રદ કરવામાં આવ્યા હતા તેપૈકી યુનિટેક વાયરલેસના ૨૨ લાઈસન્સનો સમાવેશ થાય છે. લાયસન્સ જારી કરતીવેળા પુર્વ ટેલિકોમ પ્રધાન એ રાજાએ ધારાધોરણો પાળ્યા ન હતો તેવા આધાર ઉપર સુપ્રિમ કોર્ટે ૧૨૨ લાયસન્સ રદ કરી દીધા હતા. ટેલિનોરની આ ધમકીને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ટ્રાઈની સ્પેક્ટ્રમ હરાજીના ધારાધોરણો અને રોલઆઉટ ઓબ્લિકેશન પણ ખૂબ જ મુશ્કેલરૂપ છે. આ મુદ્દે નોર્વેની કંપની સાથે વાતચીત ચાલી રહી છે. સુપ્રિમ કોર્ટે લાયસન્સની હરાજી કરવા હાલમાં જ આદેશ કર્યો હતો. ટેલિકોમ રેગ્યુલેટરે સુચન કર્યું છે કે સરકાર ૩૬૦૦ કરોડ પ્રતિ મેગા હર્ટજની બેઝ પ્રાઈઝ સાથે સરકાર હરાજી શરૂ કરશે.

## પક્ષની રાષ્ટ્રીય કારોબારીમાંથી બાંગારુએ રાજીનામું આપ્યું

નવી દિલ્હી, તા.૩૦

દશક જૂના લાંચ રૂશ્વત કેસમાં અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ ભાજપના ભૂતપૂર્વ વડા બાંગારુ લક્ષ્મણે આજે પક્ષની રાષ્ટ્રીય કારોબારીમાંથી રાજીનામું આપી દીધું હતું.

અહેવાલ મુજબ બાંગારુ લક્ષ્મણ પક્ષ પ્રમુખ નીતિન ગડકરીને તેમનું રાજીનામું મોકલી દીધું છે. બાંગારુ લક્ષ્મણને હાલમાં જ વર્ષ ૨૦૦૧ના બનાવટી શસ્ત્ર સોદાબાજી કેસમાં અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ દિલ્હી કોર્ટ દ્વારા ચાર વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. જો કે બાંગારુના વકીલે કહ્યું હતું કે ભાજપના ભૂતપૂર્વ પ્રમુખ આદેશ સામે હાઈકોર્ટમાં અપીલ કરશે. અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ ભાજપે આ કેસમાંથી પોતાને અલગ કરવાની વાત કરી હતી અને કહ્યું હતું કે બાંગારુ લક્ષ્મણે પોતાની વ્યક્તિગત ક્ષમતામાં રહીને કામ કર્યું હતું.

## તેલંગાનાના મામલે આજે લોકસભામાં ભારે ધાંધલ ધમાલ : વોકઆઉટ થયો

નવી દિલ્હી,તા. ૩૦

ખેડૂત વિરોધી નીતિ અને તેલંગાનાના મામલે આજે લોકસભામાં ભારે ધાંધલ ધમાલ થઈ હતી. એનડીએ અને ડાબેરી પક્ષોએ



લોકસભામાં વોકઆઉટ કર્યો હતો. શૂન્ય કલાક દરમિયાન આ મુદ્દો ઉઠાવતા એનડીએના કન્વીનર અને જેડીયુના નેતા શરદ યાદવે કહ્યુ હતુ કે છેલ્લા ત્રણ વર્ષમાં દરેક સેક્ટરમાં મંદી જોવા મળી છે. ખેડૂતો બમ્પર પાકનુ ઉત્પાદન કરી શક્યા છે. આ વર્ષે પણ ખેડૂતો બમ્પર પાકનુ ઉત્પાદન કરવા જઈ રહ્યા છે. પંરતુ સરકાર ગોડાઉનની અછત અને ખરીદીની ખાતરી કરી શકી નથી. યાદવે દાવો કર્યો હતો કે સુવિધાઓના અભાવના પરિણામો સ્વરૂપે અનાજનો જંગી જથ્થો ખરાબ થઈ રહ્યો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સંકલનોના અભાવથી જટિલ સમસ્યાઓ સર્જાઈ છે. અનાજને મુકવા માટે પૂરતો જથ્થો નથી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે તાજેતરના વરસાદથી દિલ્હીમાં વાતાવરણ ઠંડુ થયુ છે પરંતુ ખુલ્લા મેદાનમાં પડેલા પાકને નુકસાન થયુ છે. ગૃહમાં ઉપસ્થિતિ રહેલા પ્રણવ મુખર્જીને તાત્કાલિક વોર રૂમની વ્યવસ્થા કરવા અપીલ કરી હતી. કેન્દ્રીય કેબિનેટની મીટિંગ બોલાવવાની પણ તેઓએ માંગ કરી હતી. જો ખેડૂતો તરફ ધ્યાન આપવામાં આવશે નહી તો સરકારનુ પતન થઈ શકે છે. ભાજપના કેટલાક સભ્યોએ એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે આ મુદ્દે સરકાર તરફથી જવાબ મળે તે જરૂરી છે. સરકારના વલણનો વિરોધ કરતા એનડીએના સાથી પક્ષો અને ડાબેરીઓના સાંસદોએ વોકઆઉટ કર્યો હતો. વોકઆઉટથી થોડા સમય પહેલા ભાજપાના સાંસદે કહ્યુ હતુ કે કપાસના ખેડૂતો હાડમારીનો સામનો કરી રહ્યા છે.

## આરૂષિ કેસમાં નૂપુર તલવારની જામીન અરજી ફગાવાઈ

નવી દિલ્હી,તા. ૩૦

સનસનાટીપૂર્ણ આરૂષિ હત્યા કેસમાં નૂપુર તલાવરની જામીન અરજી ખાસ સીબીઆઈ અદાલતે આજે ફગાવી દીધી હતી. આની સાથે જ નૂપુર તલવારને કસ્ટડીમાં લઈ લેવામાં આવી હતી. હવે નૂપુર તલવારને આજે રાત્રી જેલમાં ગાળવી પડશે. અગાઉ ખાસ સીબીઆઈ કોર્ટે જામીન અરજી ફગાવી દિધા બાદ તલવારની જામીન અરજી પર સેશન કોર્ટે ચૂકાદો આવતીકાલ સુધી અનામત રાખ્યો. તલવારના વકીલોએ ખાસ સીબીઆઈ કોર્ટે અરજી ફગાવી દિધા બાદ સેશન કોર્ટમાં અરજી કરી હતી. નૂપુર તલવારના વકીલે એવા આધાર પર જામીન માટે અપીલ કરી હતી કે તે મહિલા છે અને દયાને પાત્ર છે. આ ઉપરાંત જામીન અરજીમાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે તેના પતિ રાજેશ તલવાર કેસમાં આરોપી હોવા છતા જામીન મેળવી ચૂક્યા છે. જેથી રાજેશ તલવારની જેમજ નૂપુરને પણ જામીન મળવા જોઈએ પરંતુ નૂપુર તલવારના વકીલની દલીલો તરફ ધ્યાન આપવામાં આવ્યું ન હતું અને



તેની જામીન અરજી ફગાવી દેવામાં આવી હતી. અગાઉ હત્યા કરવામાં આવેલી ૧૪ વર્ષીય આરૂષિની માતા નૂપુર તલવારે ધારણા પ્રમાણે જ આજે સવારે ગાઝિયાબાદમાં સીબીઆઈની ખાસ અદાલતમાં શરણાગતિ સ્વીકારી લીધી હતી. કોર્ટમાં શરણાગતિ સ્વીકારતાની સાથે જ સીબીઆઈએ નૂપુર તલવારને કસ્ટડીમાં લઈ લીધી હતી. બીજી બાજુ નૂપુર તલવારના વકીલે જામીન અરજી દાખલ કરી દીધી હતી પરંતુ નૂપુર તલવારની જામીન અરજી ફગાવી દેવામાં આવી હતી.

આની સાથે જ નૂપુર તલવાર હવે જેલભેગી થઈ ગઈ છે. અગાઉ આરૂષિની માતા નૂપુરે કોર્ટમાંથી રાહત મેળવવા તમામ પ્રયાસો કર્યા હતા પરંતુ કોર્ટમાંથી કોઈપણ રાહત મળી નથી. ૧૪ વર્ષીય આરૂષિની હત્યાના મામલામાં નૂપુર તલવારે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે શરણાગતિ સ્વીકારી લીધી હતી. ગયા સપ્તાહમાં સુપ્રીમ કોર્ટે કઠોર આદેશ જારી કર્યા બાદ નૂપુર તલવાર ગાઝિયાબાદની કોર્ટમાં ઉપસ્થિત થઈ હતી. નૂપુર તલવારને કસ્ટડીમાં લઈ લેવામાં આવતા આનો મતલબ એ થયો કે પ્રથમ વખત નૂપુર તલવારને જેલની અંદર રહેવું પડશે. કસ્ટડીમાં લઈ લેવાયા બાદ નૂપુર તલવાર તરફથી તરત જામીન માટેની અરજી દાખલ કરવામાં આવી હતી. નૂપુરની જામીન અરજી અંગે પોતાના જવાબમાં સીબીઆઈએ નૂપુરની જામીન અરજીનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે નૂપુર લાંબા સમયથી ધરપકડને ટાળી રહ્યા હતા જેથી તેમના જામીન મંજૂર થવા જોઈએ નહીં. સીબીઆઈ સૂત્રોએ કહ્યું છે કે નૂપુર સામે તેમની પાસે પૂરતા પુરાવા છે. આજે રાજેશ તલવાર પણ કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. ૨૭ એપ્રિલના દિવસે સુપ્રીમ કોર્ટે કઠોર આદેશ જારી કરીને આજે સોમવારે કોર્ટ સમક્ષ શરણાગતિ સ્વીકારી લેવા નૂપુરને કહ્યું હતું. સુપ્રીમના આદેશ મુજબ જ નૂપુર તલવાર સવારે કોર્ટમાં ઉપસ્થિત થઈ ગઈ હતી. ૧૪ વર્ષીય પુત્રી આરૂષિ અને તેના નોકર હેમરાજની ચાર વર્ષ અગાઉ નોયડામાં ઘાતકી હત્યા કરી દેવામાં આવી હતી. ખાસ સીબીઆઈ કોર્ટ દ્વારા નૂપુર સામે જારી કરવામાં આવેલા બિનજામીનપાત્ર વોરંટ પર સ્ટે મૂકવાનો ઈન્કાર કરતા જસ્ટિસ એ કે પટનાયક અને જે એસ ખેહારની બનેલી બેંચે જામીન માટે ટ્રાયલ જજ સમક્ષ રજૂઆત કરવા સૂચના આપી હતી. આજે કોર્ટમાં શરણાગતિ બાદ તરત જ જામીન માટે અરજી કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૫મી મે ૨૦૦૮ના દિવસે પુત્રી અને નોકરની હત્યા બદલ ગયા વર્ષે ૯મી ફેબ્રુઆરીના દિવસે કોર્ટ દ્વારા નૂપુર અને રાજેશ તલવારને આરોપી બનાવવામાં આવ્યા હતા.

## શેરબજારમાં આજે સતત ત્રીજા દિવસે જોરદાર તેજી

મુંબઈ,તા. ૩૦

શેરબજારમાં આજે સતત ત્રીજા દિવસે જોરદાર તેજી જારી રહી હતી. કારોબારના અંતે સેંસેકસ લેવાલીના પરિણામ સ્વરૂપે ૧૩૧ પોઈન્ટ સુધરી ૧૭૧૧૮ની સપાટીએ રહ્યો હતો. આઈટીના નેતૃત્વમાં બ્લુચીપ શેરમાં જોરદાર લેવાલીના પરિણામ સ્વરૂપે આ સુધારો જોવા મળ્યો હતો. રૂપિયાના નબળી સ્થિતિ અને અમેરિકી ફેડ દ્વારા નવી અટકળો વચ્ચે શેરબજારમાં સ્થિતિ સુધારા વાળી રહી હતી. છેલ્લા બે સેશનમાં ૫૭ પોઈન્ટ સુધરીયા બાદ સેંસેક્સમાં વધુ ૧૩૧ પોઈન્ટનો સુધારો થયો હતો. ઈન્ફોસિસ અને તાતા કન્સલટન્સીના શેરમાં ઉલ્લેખનીય સુધારો રહ્યો હતો. આ બંનેમાં ૨.૭૫થી ૩.૫ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. નેશનલ સ્ટોક એક્સચેંજમાં નિફ્ટીમાં ૩૯ પોઈન્ટનો સુધારો થયો હતો, આની સાથે નિફ્ટીઆંક ૫૨૪૮ની સપાટીએ રહ્યો હતો. બ્રોકરોએ ક્હયુ છે કે આઈટીના શેરમાં તેજી જોવા મળી હતી. જાણકાર લોકોનુ કહેવુ છે કે આગામી દિવસોમાં પણ શેરબજારમાં તેજી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. શેરબજારમાં આજે કારોબાર દરમિયાન ટીસીએસના શેરમાં ૩.૫ ટકાનો સુધારો થયો હતો. જ્યારે જિંદાલ સ્ટીલમાં ૩.૪૧ ટકા, ઈન્ફોસિસમાં ૨.૭૫ ટકા, ડીએલએફમાં ૨.૬૧ ટકાનો સુધારો થયો હતો. રિફાઈનરીની મોટી કંપની રિલાયન્સ ઈન્ટસ્ટ્રીમાં ૦.૭૨ ટકાનો સુધારો થતા તેના શેરની કિંમત વધીને ૭૪૫.૨૦ થઈ હતી. આઈઓસી અને ઓએનજીસી જેવા કાઉન્ટરો પર બે ટકાથી વધુનો સુધારો થયો હતો. બેન્કિંગ સેક્ટરમાં પણ ઉછાળો રહ્યો હતો. આઈસીઆઈસીઆઈ બેંકમાં ૧.૪૪ ટકાનો સુધારો થયો હતો. બીએસઈ આઈટી સેક્ટર ઈન્ડેક્ષમાં ૨.૩૭ ટકાનો સુધારો થયો હતો. આની સાથે જે તેની સપાટી ૫૭૦૪ નોંધાઈ હતી. આવી જ રીતે બીએસઈ ટેક ઈન્ડેક્ષમાં ૧.૯૩ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. બીએસઈ ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્ષમાં ૧.૦૫ ટકા સુધીનો સુધારો જોવા મળ્યો હતો. બીએસઈ રિયાલીટી ઈન્ડેક્ષમાં ૧.૦૪ ટકાનો સુધારો રહ્યો હતો.

## બોલિવુડની અભિનેત્રી અચલા સચદેવનુ નિધન

નવી દિલ્હી,તા. ૩૦

વીતેલા વર્ષોની અભિનેત્રી અચલા સચદેવનુ લાંબી માંદગી બાદ આજે અવસાન થયુ હતુ. તેઓ ૮૮ વર્ષના હતા. વક્ત ફિલ્મના યાદગાર ગીત એમેરી ઝોહરા જબી આજ અભિનેત્રી ઉપર રજૂ થયુ હતુ. અચલા સચદેવનુ નામ આવતાની સાથે જ આ ગીત તરત જ ચાહકોના દિલો દિમાગ ઉપર છવાઈ જાય છે. વક્ત ફિલ્મનુ મન્નાડે દ્વારા ગાવવામાં આવેલુ આ ગીત આજે પણ અમર છે. છેલ્લા ઘણા મહિનાઓથી અચલા સચદેવ બિમાર હતા અને પૂણેમાં પુના હોસ્પિટલ એન્ડ રિસર્ચમાં સારવાર હેઠળ હતા. તેમનુ શ્વાસની તકલીફના કારણે મોત થયુ હતુ. છ મહિનાથી તેઓ બિમાર હતા. અચલા સચદેવનો એક પુત્ર છે જે એક અમેરિકામાં છે. અંતિમ વિધી માટે તે અમેરિકીથી આવી પહોંચે તેવી શક્યતા છે. છેલ્લા ઘણા વર્ષથી અચલા સચદેવ પુણેમાં રહેતા હતા. તેમના ઘરમાં છ મહિના અગાઉ પડી જતા તેમના પગમાં ફેક્ચર થયા હતા. છેલ્લા ચાર દિવસથી તેમની તબિયત વધારે ખરાબ થઈ ગઈ હતી.

## આઈટી કેસોમાં વિવાદાસ્પદ રકમમાં થયેલો મોટો વધારો

નવી દિલ્હી,તા. ૩૦

ટેક્સ વિભાગ દ્વારા આક્રમક વલણ અપનાવવામાં આવતા ઈન્કમટેક્સ વિભાગમાં અટવાયેલી રકમમાં ઉલ્લેખનીય વધારો થયો છે. જાન્યુઆરી અને ડિસેમ્બર ૨૦૧૧ વચ્ચેના ગાળામાં વિવાદાસ્પદ રકમ ૪૩૬૭૪૧ કરોડથી વધીને ૨૪૩૬૦૩ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં નાણાંમંત્રાલય દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી હતી.

**વિવાદાસ્પદ રકમની સ્થિતિ**

| | પેન્ડીંગ કેસોની સંખ્યા | વિવાદાસ્પદ રકમ (કરોડમાં) |
|---|---|---|
| સીઆઈટી(એ) | ૧૯૩૫૨૫ | ૨૫૨૫૪૬ |
| આઈટીએટી | ૨૯૮૪૨ | ૧૨૧૫૫૯ |
| હાઈકોર્ટ | ૩૦૨૧૩ | ૫૮૦૩૩ |
| સુપ્રીમ કોર્ટ | ૫૯૪૩ | ૪૩૦૩ |
| કુલ | ૨૫૯૫૨૩ | ૪૩૬૭૪૧ |


નોંધ : સીઆઈટી(એ) કમિશનર ઓફ ઈન્કમટેક્સ અપીલ,
આઈટીએટી : ઈન્કમટેક્સ એપલેટ ટ્રીબ્યુનલ

વર્ષ ૨૦૧૧માં કુલ વિવાદાસ્પદ રકમમાં ઉલ્લેખનીય વધારો થવા પાછળ અન્ય કારણ પણ જવાબદાર છે. વર્ષ ૨૦૧૦-૧૧માં નેટ પ્રત્યક્ષ કરવેરા વસૂલાતની રકમ ૪.૪૬ લાખ કરોડ રૂપિયા હતી. જ્યારે વર્ષ ૨૦૧૧-૧૨માં આ રકમ ૪.૯૪ લાખ કરોડ થવાનો અંદાજ છે. ઈન્કમટેક્સ (અપીલ કમિશ્નરના સ્તરે) પેન્ડીંગ કેસોની સંખ્યા ૩૧મી ડિસેમ્બર ૨૦૧૦ના દિવસે ૧૫૩૭૦૩ કરોડ હતી જે વધીને ૩૧મી ડિસેમ્બર ૨૦૧૧ના દિવસે ૧૯૩૫૨૫ થઈ ગઈ છે. આ સ્તરે પેન્ડીંગ કુલ વિવાદાસ્પદ રકમ વિચારણાહેઠળના ગાળા દરમિયાન ૧૧૬૮૯૮ કરોડથી વધીને ૨૫૨૮૪૬ કરોડ થઈ ગઈ છે. જુદા જુદા સ્તરે પેન્ડીંગ કેસોની સંખ્યા પણ વધારે છે.

## દેશભરમાં કેરળમાં રહેવાની બાબત સૌથી મોંઘી અને ખરચાળ

મુંબઈ,તા. ૩૦

ભારતમાં હોટેલોમાં રોકાવવાની બાબત દિન પ્રતિદિન મુશ્કેલરૂબ બની ગઈ છે. ભારતભરમાં વર્ષ ૨૦૧૦ની સરખામણીમાં ૨૦૧૧માં મોટાભાગના વિસ્તારોમાં સરેરાશ રૂમ રેટમાં વધારો થયો છે. અલબત કેરળમાં રૂમના રેટમાં ઘટાડો થયો છે. છતાંપણ દેશભરમાં કેરળમાં રહેવાની બાબત સૌથી મોંઘી અને ખરચાળ છે. એક અભ્યાસ મારફતે આ બાબતનો ખુલાસો



થયો છે. આમા જાણવા મળ્યુ છે કે અમેરિકાના લાસવેગાસ, ચીનના ગ્વાંગઝોઉ અને બેંકકોંગ જેવા ખૂબ જ લોકપ્રિય પ્રવાસી સ્થળોમાં ફોર સ્ટાર હોટલ રૂમમાં જે રેટ છે તે રેટની સરખામણીમાં મુંબઈ અને અન્ય દેશના શહેરમાં રેટ ઉંચા છે. આનો મતલબ એ થયો કે લાસવેગાસમાં હોટલમાં રહેવાની બાબત મુંબઈ કરતા સસ્તી છે. આ બાબત નવી ચિંતા ઉપજાવે છે. વેકેશનની શરૂઆત થઈ ચુકી છે ત્યારે જુદા જુદા ખર્ચાઓ અને પ્રવાસની યોજનાઓ બની રહી છે. બેજટ તૈયાર કરી રહેલા પરિવારો પણ હવે ચિંતિત દેખાઈ રહ્યા છે. કારણ કે થ્રી સ્ટાર અને ફોર સ્ટાર હોટેલોમાં ભાડા પોષાય તેવા રહ્યા નથી. લાસવેગાસમાં ફોર સ્ટાર અને મુંબઈમાં થ્રી સ્ટારના ભાડા એક સમાન થઈ ગયા છે. નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે હોટલમાં એક દિવસમાં સરેરાશ રૂમ રેટની વાત કરવામાં આવે તો કેરળમાં વર્ષ ૨૦૧૧માં રેટ ૭૩૮૧ હતો જે વર્ષ ૨૦૧૦માં ૮૦૭૯ હતો અલબત તેમાં ૯ ટકાનો ઘટાડો થયો છે. પરંતુ હજુ પણ દેશના આ વિસ્તારમાં રૂમરેટ સૌથી વધારે છે. પ્રતિ રાત્રી રૂમ રેટ ૭૩૮૧ છે.

આવી જ રીતે કોલકતા જે વર્ષ ૨૦૧૦માં સૌથી મોંઘા સ્થળ તરીકે હતુ તે હવે ચોથા સ્થાને છે. અહી રેટમાં ૨૦ ટકાનો ઘટાડો થયો છે. જ્યારે ગોવામાં રૂમરેટમાં ૧૨ ટકાનો વધારો થયો છે. ગોવાને વિશ્વના ફેવરીટ પ્રવાસી સ્થળ તરીકે ગણવામાં આવે છે. અહીં સરેરાશ રૂમરેટ ૪૨૨૪ છે. જો કે કેરળ, મુંબઈ અને દિલ્હીની સરખામણીમાં અહીં રૂમરેટ હજુ પણ સસ્તા છે. સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં હોટેલોમાં વધારો થયો છે. સાથે સાથે રૂમ રેટમાં પણ ૨ ટકાનો વધારો થયો છે. ભારતની અંદર પ્રવાસ કરતા મોટાભાગના દેશી પ્રવાસી રૂમ પર પ્રતિ રાત્રી ૪૨૨૬ ખર્ચ કરે છે. જ્યારે વિદેશમાં પ્રવાસ કરતા લોકો સરેરાશ ૨૫૦૦ રૂપિયા વધુ ખર્ચ કરે છે. વિદેશી દેશોમાં રૂમના રેટ ઘટી ગયા છે. જેથી જર્મની, દક્ષિણ આફ્રિકા, કેનેડા, અને જાપાન જવાની યોજના અમીર પ્રવાસી બનાવી શકે છે.

## એડવાન્સમાં ટ્રેન ટિકિટના પૈસાને જમા કરાવી શકાશે

નવી દિલ્હી, તા.૩૦

ઈન્ટરનેટ મારફતે રેલવે ટિકિટ બુક કરાવનાર યાત્રીઓ માટે હવે ઈન્ડિયન રેલવે કેટેરીંગ એન્ડ ટ્યુરિઝમ કોર્પોરેશન (આઈઆરસીટીસી) ટૂંક સમયમાં જ એક નવી સ્કીમ લાવવાની તૈયારીમાં છે. આ નવી સ્કીમ હેઠળ રેલવે યાત્રી નેટબેકીંગ અથવા તો ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ મારફતે આઈઆરસીટીસીના ખાતામાં પહેલાંથી જ રકમ ટ્રાન્સફર કરી શકશે. એડવાન્સમાં નાણાં જમા કરાવીને ટ્રેન ટિકીટની ખાત્રી કરી શકશે. ટ્રેન ટિકીટના પૈસા એડવાન્સમાં જમા કરાવવાની આ નવી સ્કીમને ટૂંક સમયમાં જ અમલી બનાવી દેવામાં આવશે. આ રકમનો ઉપયોગ કરવા માટે પાસવર્ડ પણ રહેશે. આનાથી પેસેન્જરને ટિકીટ બુક કરાવવાની સાથે જ પેમેન્ટ માટે બેંકના ગેટવે તરફ જવાની જરૂર રહેશે નહીં. ટિકીટની રકમ જમા કરવામાં આવેલી રકમમાંથી કપાઈ જશે અને ટિકીટ બુકીંગ થઈ જશે. સામાન્ય રીતે એવી ફરિયાદ રહે છે કે ટિકીટ બુકીંગ કરાવતી વેળા આઈઆરસીટીસીની સાઈટો પર વધુ સમય લાગે છે અને આ ગાળા દરમિયાન ટિકીટ બુક થઈ જાય છે. આવી સ્થિતિમાં યાત્રીઓને કન્ફોર્મ ટિકીટથી વંચિત રહેવાની ફરજ પડે છે. એક સાથે મોટી સંખ્યામાં કસ્ટમરો દ્વારા ટિકીટ માટે ઓનલાઈન થવાથી નેટની ઝડપ ઉપર પણ અસર પડે છે. એક કારણ એ પણ છે કે જ્યારે યાત્રી ટિકીટ બુક કરાવી ટિકીટની રકમ માટે પોતાના બેંકના ગેટવે ઉપર જાય છે ત્યારે તેના સમય વધારે લાગે છે. કેટલીક બેંકોની વેબસાઈટ ખૂબ જ ધીમી ગતિએ ચાલી રહી છે. નવી સ્કીમ અંગે આરબીઆઈ સાથે વાતચીત ચાલી રહી છે. આ મામલામાં યાત્રીઓની રકમ આઈઆરસીટીસીની પાસે રહેશે જેથી આરબીઆઈની મંજૂરી બાદ જ આ સ્કીમ લાગુ કરી શકાશે. આઈઆરસીટીસીના અધિકારીઓનું કહેવું છે કે દરરોજ ટ્રેનના આશરે ૧૦ લાખ ટિકીટ ખુલ્લા રહે છે અને એક મિનિટમાં બેથી અઢી હજાર ટિકીટ ઈન્ટરનેટ મારફતે વેચાય છે.